Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ००૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સંદર્ભ:**–(૧) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૩૧/૦૮/૨૦૨૩, પરિપત્ર ક્રમાંક : એસ./પરિપત્ર/૨૨૩૦૭/૨૦૨૩
(૨) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૦૯/૧૦/૨૦૨૩, પરિપત્ર ક્રમાંક : એસ./પરિપત્ર/૨૬૨૧૦/૨૦૨૩
(૩) યુનિવર્સિટી કાર્યાલયનાં તા.૧૦/૦૧/૨૦૨૪, પરિપત્ર ક્રમાંક : એસ./પરિપત્ર/૭૦૫/૨૦૨૪

# -: પરિપત્ર :-

યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટનાં વડાશ્રીઓ અને યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓ તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, NEP-2020 ના અમલીકરણ માટે KCG દ્વારા તા.૨૬/૦૭/૨૦૨૩ થી પ્રસિધ્ધ કરેલ SOP અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલમાં આવનાર મૂલ્યાંકન પધ્ધતિ તથા વિષયો બાબતેના પરીક્ષા વિભાગના તા.૦૪/૦૮/૨૦૨૩, ક્રમાંક : પરીક્ષા/કોમર્સ/૧૬૩૨૬/૨૦૨૩ ના પત્ર અંતર્ગત એકેડેમિક કાઉન્સિલની તા.૦૭/૦૮/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક :૪૭ અન્વયે પરીક્ષા અને મૂલ્યાંકન પધ્ધતિ સંદર્ભે નિયુકત સમિતિની તા.૧૧/૦૮/૨૦૨૩ ની સભાની કાર્યવાહી એકેડેમિક કાઉન્સિલ તા.૧૭/૦૮/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક:૩૧ અન્વયે મંજૂર કરવામાં આવેલ છે. જેનો શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ ના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષથી (જે વિદ્યાશાખામાં એપેક્ષ બોડીના નિયમો લાગુ પડતા હોય તે સિવાય)ક્રમશઃ અમલ કરવામાં આવેલ છે. ત્યાર બાદ KCG દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૩ થી પરીક્ષા સંદર્ભે કરેલ સ્પષ્ટતા અને ત્યારબાદ શિક્ષણ વિભાગ દ્વારા હાર્ડકોપીમાં જુલાઈ ૨૦૨૩ થી પ્રસિધ્ધ કરેલ SOP અંતર્ગત મૂલ્યાંકન પધ્ધતિ સંદર્ભે એકેડેમિક કાઉન્સિલની તા.૧૭/૦૨/૨૦૨૪ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૮૮ થી નીચે મુજબ ઠરાવેલ છે. જેની આથી જાણ કરવામાં આવે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૧૭/૦૨/૨૦૨૪ની સભાનાં ઠરાવ ક્રમાંક: ૮૮**

:: આથી ઠરાવવામાં આવે છે કે, NEP-2020 ના અમલીકરણ માટે KCG દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૩ થી પ્રસિધ્ધ કરેલ સુધારેલ SOP મુજબ CCE(આંતરીક મૂલ્યાંકન)માં ૫૦ માર્કસ માંથી૧૮ પાસિંગ માર્કસ, ૨૫ માર્કસ માંથી ૯ પાસિંગ માર્કસ, તથા SEE(બાહય મૂલ્યાંકન) ૫૦ માર્કસ માંથી ૧૮ પાસિંગ માર્કસ, ૨૫ માર્કસ માંથી ૯ પાસિંગ માર્કસ રાખવા તથા ૩૫ માર્કસ માંથી ૧૩ પાસિંગ માર્કસ અને ૧૫ માર્કસ માંથી ૫ પાસિંગ માર્કસ રાખવા. તે પ્રમાણે અન્ય તમામ વિદ્યાશાખા (એપેક્ષ બોડીનાં નિયમો લાગુ ન પડતા હોય તેવી તમામ)નાં અન્ય પાસિંગ હેડમાં પણ આંતરીક અને બાહય મૂલ્યાંકનનાં પાસિંગ માર્કસ ૩૬ ટકા પ્રમાણે રાખવા.

વધુમાં, હાલ NEP મુજબ સેમેસ્ટર –૧ ના જાહેર કરેલ પરિણામમાં ઉપર મુજબ સુધારો કરવો.

ક્રમાંક : એસ./પરિપત્ર/૪૧૧૩/૨૦૨૪
તા. ૧૯–૦૨–૨૦૨૪

કુલસચિવ(ઈ.ચા.)

પ્રતિ,
૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ,
૨) યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના વડાશ્રીઓ. અને યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમનાં કો–ઓર્ડિનેટરશ્રીઓ.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

...... જાણ તથા ઘટતું થવા.